*સૌરાષ્ટ્ર યુનિવર્સીટી*

*Re-Accredited Grade "A"by NAAC*

***સંદર્ભ*** **:-** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી ,ગાંધીનગરના તા.૨૩-૬-'૧૫ ના પત્ર ક્રમાંક :
સીએચઈ/યુનિ/૬૬૦૨-૨૭/૨૦૧૫

***પરિપત્ર*** **:-**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ,જે અભ્યાસક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના થયેલ હોય તે સિવાયના તમામ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે વિદ્યાર્થીઓના ઓન-લાઈન પ્રવેશની પ્રક્રિયા કોલેજ કક્ષાએથી જ કરવાની રહેશે તેમજ વિદ્યાર્થીઓના પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ અંગેના નિયમો ,વિદ્યાર્થીઓની સંખ્યા અને અનામત નીતિ નક્કી કરવામાં આવેલ છે તે અનુસાર જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે તેમજ સરકારશ્રી અને યુનિવર્સિટી દ્વારા વખતો વખત જે વિગતો અને માહિતી મંગાવવામાં આવે તે રજૂ કરવાની રહેશે .સરકારશ્રી અને યુનિવર્સિટી દ્વારા અનામત અંગે કરેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે ત્યારબાદ જ એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે.

વધુમાં સરકારી /ગ્રાન્ટ ઇન એઇડ /સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની મંજૂર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે,વધારાના આપેલ વિદ્યાર્થી પ્રવેશના એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી સંચાલકશ્રી/આચાર્યશ્રીઓની રહેશે,જેની ખાસ નોંધ લેવી.

સદરહુ બાબતે માન.ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કુલસચિવ

*બિડાણ* :- સંદર્ભિત પત્ર

નં./જોડાણ/૩/૧૪૨/'૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ ,યુનિવર્સિટી રોડ ,
રાજકોટ -૩૬૦૦૦૫
તા. ૫/૫/૨૦૧૭

*પ્રતિ,*

-- યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી /ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ના આચાર્યશ્રીઓ .....

*નકલ રવાના* :-

૧) માન.કુલપતિશ્રી /કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ....
૨) પરીક્ષા નિયામકશ્રી ,પરીક્ષા વિભાગ
૩) કોમ્પ્યુટર સેન્ટર-વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.....

૫૫

ક્રમાંક:સીએચઇ/યુનિ/ડે.કે.૨૦૨૭/૨૦૧૫,
કમિશનર. ઉચ્ચ શિક્ષણ કચેરી ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લૉક નં.૧૨/૨ ,
ગુ. રા. , ગાંધીનગર ,
તા. ૨૨/૦૬/૧૫

પ્રતિ,
કુલપતિશ્રી,
તમામ યુનિવર્સિટી.

વિષય: ઑન-લાઇન એડમીશન બાબત.
માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે યોજાયેલ તા:૨૩/૪/૨૦૧૫ બેઠક અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય બાબતે સવિનય જણાવવાનું કે, માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે તા.૨૩/૦૪/૧૫ નાં રોજ રાજ્યની યુનિવર્સિટીઓનાં કુલપતિશ્રીઓ તથા શિક્ષણ વિભાગનાં અધિકારીશ્રીઓની બેઠક યોજવામાં આવેલ, જે બેઠકમાં ઉચ્ચ શિક્ષણ સંબંધે મહત્વની બાબતોની ચર્ચા થયેલ. માન. મુખ્યમંત્રીશ્રીએ ભવિષ્યમાં કરવાની બાબતોમાં કરવાની કામગીરી બાબતે સૂચનાઓ આપેલ , જે નીચે મુજબ છે.

૧.) તમામ યુનિવર્સિટીઓએ તમામ વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓ માટે ઑનલાઈન એડમીશન, પરીક્ષા તથા પરિણામોની ઑનલાઈન ઉભી કરવી.

૨.) પરીક્ષા કોર્ષ, PG/રિસર્સ ઈન્ટરવ્યુ, પ્રેક્ટીકલ, વગેરે યોજાય ત્યારે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ઉભી કરવી.

૩.) યુનિવર્સિટીઓને ફાળવેલ જુદાં જુદાં હેતુ માટેનાં ફંડ, તેનો ઉપયોગ (વર્ષવાર અલગ-અલગ હેતુ માટે મળેલ ફંડ, તેનું આયોજન, કયા કયા કામો હાથ ધર્યા છે? હાલ કયા તબક્કે છે? ક્યાં સુધીમાં પૂર્ણ થશે વગેરે અંગે એકશન પ્લાન રજૂ કરવો. આજ રીતે નવાં બજેટની એક માસ પહેલાં એક્શન પ્લાન રજૂ કરવા જોઈએ.

૪.) યુનિવર્સિટીઓ દ્વારા કોલેજોને ઝડપી જોડાણ, એલઆઈસીની પૂર્તતા, NAAC, AAA એક્રીડેશન, ટીચીંગ વર્ક લોડનું મોનીટરીંગ, મંજૂરી સિવાય કોઈ જગ્યાઓ ભરવી નહીં, પરીક્ષા પધ્ધતિમાં સુધારો કરવા કાર્યવાહી કરવી. તમામ કોલેજોનાં જોડાણ પૈકી કેટલૂં કાયમી છે? કેટલાં બાકી છે તે તપાસી, બાકી જોડાણોની કાર્યવાહી પૂરી કરવી.

૫.) કોલેજોની શૈક્ષણિક કામગીરી માટે મોનીટરીંગ મીકેનીઝમ ઉભું કરવું.

૬.) વિદ્યાર્થીઓનાં પ્રવેશ, પરીક્ષા, પરિણામ, તમામ યુનિવર્સિટીનાં એક સાથે થાય તેવી વ્યવસ્થા કરવી આર્ટસ અને કૉમર્સ બધી કોલેજોને ૧૫ મી જૂનથી ચાલું

૭.) યુનિવર્સિટીઓનાં સીલેબસ જુદં જુદાં છે આ હેતુ માટે જુદાં જુદાં વિષયનાં નિષ્ણાંતોની સમિતિઓ બનાવી વિષદ ચર્ચા કરી, બધા વિષયનાં સીલેબસ એકસમાન બને, પરીક્ષા યોજવાનું, ચેકીંગ, મુલ્યાંકન વગેરે સમાન રીતે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

૮.) સેમેસ્ટર પધ્ધતિમાં અલગથી બેઠક કરી વિચારણાં કરવી. તેમા ધો-૧૧/૧૨ નો પણ સમાવેશ કરવો.

૯.) ગર્લ્સ ચાઈલ્ડ એજ્યુકેશન, કૌશલ્ય વર્ધન કેન્દ્રો. યુનિવર્સિટીમાં સ્થપાય, વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ, કેરિયર કાઉન્સેલીંગ વગેરે પ્રકારનાં પ્રયાસો તમામ યુનિવર્સિટીઓએ કરવા.

૧૦.) યુનિવર્સિટી દ્વારા જુદાં જુદાં પ્રોજેક્ટ જેવા કે સમાજ જાગૃતિ, બેટી બચાવો અભિયાન, સફાઈ અભિયાન, ગામ દત્તક લેવાં વગેરે હાથ ધરી યુવાનોમાં શિસ્ત અને સમાજ સેવાનાં ગુણો વિકસે તે પ્રમાણે પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૧૧.) યુનિવર્સિટીનાં વર્ષભરનાં કાર્યક્રમો જેમાં સાંસ્કૃતિક, ખાસ પ્રોજેક્ટ, સફાઈ વગેરે જેવાં હાથ ધરવાં, તેનું કેલેન્ડર તૈયાર કરવું તથા વિસ્તારને અનુરૂપ પ્રવૃત્તિઓ સમાવવી.

૧૨.) ગતિશીલ ગુજરાત અંતર્ગત ૫૦ મુદ્દાઓ લઈ, એક્શન પ્લાન તૈયાર કરવો તેમાં સ્ટુડન્ટ ઓરીએન્ટેશન પોગ્રામ કરવાં PG નાં વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓને ભણાવે તે પ્રમાણેની વ્યવસ્થા કરી શકાય.

૧૩.) દર બે મહિને યુનિવર્સિટીએએક્શન પ્લાન તૈયાર કરી, તથા કોલેજ શરૂ થઈ ત્યારથી તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય તેવી વ્યવસ્થા કરવી.

આમ , વિદ્યાર્થીઓનાં એડમીશન સંબંધે ઑનલાઈન વ્યવસ્થા ઉભી કરવાં આપશ્રીને સૂચના આપવામાં આવેલ તેમ છતાં, ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય કોઈ યુનિવર્સિટી દ્વારા ઑનલાઈન એડમીશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ નથી. આથી શા માટે ઑનલાઈન વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ નથી અને એડમીશન, પરીક્ષા, પરિણામ સંબંધી ઑનલાઈન વ્યવસ્થા કરવા અંગે હાલ શી સ્થિતિ છે, તેનો અહેવાલ તાત્કાલિક મોકલવા વિનંતી છે તેમજ માન. મુખ્યમંત્રીશ્રીએ આપેલ અન્ય સૂચનાઓ સંદર્ભે તૈયાર કરેલ એકશન પ્લાનની નકલ મોકલવા વિનંતી છે.

( એ. જે. શાહ )
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u> જાણ સારું
(૧) અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સચિવાલય, ગાંધીનગર
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, નવા સચિવાલય, ગાંધીનગર- ૩૮૨૦૧૦

<u>નકલ રવાના:</u> રજીસ્ટારશ્રી, તમામ યુનિવર્સિટી.

<u>નકલ રવાના:</u> જાણ અને જરૂરી કાર્યવાહી સારું
ઓફિસર અને સ્પેશ્યલ ડ્યુટી, કેસીજી